

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નોતરે વૃષભને, શિસ્તની ખેતીમાં જોતરે છે,*
*ને એકાંતનું શૂળ જાણે રતુંબડું ખોતરે છે.*
*ચોતરે શાંતિ સૂતી છે ઝોકે ઝભૂકતા સિગ્નલ -*
*છૂપાયો છે જાણે કોઈ માણસખાઉ કોતરે છે...*

હાઈકુ

*શાંતિ - ધીરજ*
*ને શિસ્તને સલામ !*
*દેશવાસીઓ !*

*સંયમ સાથે,*
*કાયદાની લગામ -*
*આપે છે શક્તિ...*

### ચિંતન

**આશ્રિતે રણ્યતે વમન્યતે મૃદુ સ્વભાવઃ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

મૃદુ સ્વભાવ ધરાવનારી વ્યક્તિનું અપમાન એનાં આશ્રિતો પણ કરી નાખે છે.

મૃદુ સ્વભાવ આમ તો એક સદ્‌ગુણ જ છે, જીવનમાં સફળતા અને સૌનો પ્રેમ પ્રાપ્ત કરવા સ્વભાવ મૃદુ હોવો જરૂરી છે. પરંત રાજ કારણમાં ખૂંપેલ વ્યક્તિને માટે મૃદુ સ્વભાવ એક અવરોધ - વિપત્તિ બની જાય છે કારણ કે એમના નરમ - મૃદુ સ્વભાવના કારણે રાજકાજમાં એનો કશો પ્રભાવ પડતો નથી.

રાજકારણીની ભાષામાં કહીએ તો એવાનું કંઈ ઉપજતું નથી અને ક્યારેક તો એમના આશ્રિતો, સચિવો પણ એમની સામે બળાપો કાઢી નાખતા હોય છે.

આના કરતાં ફૂંફાડો રાખવો સારો એમની હાજરીમાં મંચ પર એમના સહાયકો એક શબ્દ પણ બોલી ન શકે. પોતાના ખાતાના નિર્ણયોની જાહેરમાં બડાશ ન મારી શકે એવું 'કડકશિસ્ત'. આજે વિરોધીઓ - પત્રકારોને છિદ્રો શોધવામાં કઠિનતા સર્જે છે. એટલે રાજકારણીનો સ્વભાવ ઉગ્ર હોય તો સારું !?

### સુવિચાર

- લોગ આઈના કભી ભી ના દેખતે અગર આઈને મેં ચિત્રકી જગહ ચરિત્ર દિખાઈ દેતા - **સર્વેશ ત્યાગી**
- જીવન રોજ નવું હોય, ઝાકળનું બિંદુ બીજું આવે એ નવું જ હોય છે, રોજ નવીનતા એ જીવનનું રહસ્ય છે - **મોરારિ બાપુ**
- ખરેખર આભૂષણો ધીમે ધીમે ક્ષય પામે છે માત્ર વાણી જ સાચું ભૂષણ છે - **વિદુર**
- કોઈ કામ કરવાની નીતિ જેટલી સારી હશે એટલી જ ઉન્નતિ થશે. - **ડેનિસ વીટલી**
- સત્કર્મનું જીવવું ભલે ક્ષણભરનું મળે તોય સારું પરંતુ દુષ્કર્મો ભરી લાંબી જિંદગી નકામી - **વેદ વ્યાસ**
- સફળતા કરતાં સત્ય માટે જિજ્ઞાસુ બનો - **સંત રોબિન**
- આજનું ઔષધ : શરીર ઉપર મસા થયા હોય તો પાનમાં ખાવાનો ચૂનો લઈ તેમાં આદુને ઘસવું એ પેસ્ટ મસા ઉપર પાંચ દિવસ મસા પર લગાડવાથી મસા ખરી પડે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ફારસી કવિ... રોજ પાંચ વાર નમાઝ અદા કરે.. કુરાનનો પાઠ કરે... એકવાર કુરાનનો પાઠ કરવા ગોખલામાંથી કુરાન લીધું અને આંખે લગાડ્યું તો પવિત્ર કુરાન પર થોડી ધૂળ જોઈ. કવિ ધૂળ સાફ કરતાં કરતાં બબડ્યા, 'આ પવિત્ર કુરાન ઉપર ધૂળ જેવી તુચ્છ નકામી વસ્તુ કયાંથી આવીને પડી ??' 'કવિના ગુસ્સાનો જવાબ આપવા ધૂળને વાચા ફૂટી, ધૂળે કહ્યું, 'બાબા... માફ કરજો... કે હું તમારા પવિત્ર પુસ્તક પર આવી પડી. પણ આજનો દિવસ તો મારા માટે સત્સંગની મહત્તા અને આનંદનો છે.'' કવિ બોલ્યા, 'ઓ... નકામી ધૂળ તું કોના સત્સંગથી અહીંયા સુધી પહોંચી ગઈ?' ધૂળે કહ્યું, 'બાબા, આપ કહો તો તેમ હું રસ્તાની નકામી ધૂળ જ હતી... ત્યાં પવનની લહેરખી આવી... મને પવનનો સત્સંગ થયો અને પવનની પાંખે બેસીને હું તમારા બગીચાના એક ફુલ પર જઈ પડી. ફુલની સાથે સંગતમાં મને ફુલે પોતાની સુગંધ ભેટમાં આપી. પછી આજે સવારે આપના પત્ની બગીચામાં આવ્યા તેમણે કુરાન પર ચઢાવવા ફુલો ચૂંટ્યા અને એક ફુલ સાથે હું અહીંયા સુધી પહોંચી. એમ ભક્તની ભાવના અને ફૂલના સંગથી હું અહીં કુરાને શરીફ સુધી આવવા સદ્‌ભાગી બની. મારી તો કોઈ ઓકાત નહોતી, પણ પવન, ફુલ અને ભક્તના સંગાથે હું અહીયા આવી ગઈ...' કવિ અવાચક થઈ ગયા. તેમણે 'ધૂળને સાચવીને એક ડબ્બીમાં ભરી દીધી અને પેલા ગોખલામાં તે ડબ્બી મૂકી અને ધૂળને કહ્યું, 'તે મને સત્સંગનું મહત્ત્વ સમજાવ્યું છે. કુરાનનો સંગ પામી તું પવિત્ર થઈ છે. મારો સંગ પામી તું પાછી કચરામાં જાય તેવું પાપ હું ન કરી શકું. આથી તારું સ્થાન પવિત્ર કુરાન શરીફની બાજુમાં રાખ્યું.' કવિ કુરાન વાંચવા લાગ્યા અને ધૂળવાળી ડબ્બી અને કુરાન શરીરની બાજુમાં માથે લગાડી ગોખલામાં મૂક્યા.

# સરકારની હાલત સાપે છછુંદર ગળ્યા જેવી

**તંત્રીસ્થાનેથી...**

એક તરફ પચ્ચીસ-સત્યાવીસ દિવસની નજરકેદ જેવી હાલતમાંથી થોડીક રાહત મળવાના સુખદ સમાચાર અને બીજી તરફ ભડકે ભળતું અમદાવાદ. આખા ઉત્તરપ્રદેશમાં નથી એટલા કોરોનાના કેસ એકલા અમદાવાદમાં હોય અને એમાં પાછો રોજના હિસાબે ઉછાળો આવતો રહેતો હોય ત્યારે વણસી ચૂકેલી પરિસ્થિતિ ક્યારે થાળે પડશે તેની કલ્પના કે આગાહી કોઈ કવિ કે જ્યોતિષી પણ ભાગ્યે જ કરી શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બેઉ માટે ગુજરાત અને ગુજરાતમાં પણ અમદાવાદ શહેર એમની કારકિર્દી ઘડી આપનારું કાર્યક્ષેત્ર રહ્યું છે. એટલે બેઉ ભલે દિલ્હી બેઠા બેઠા દેશ અને દુનિયાની ફિકર કરતા હોય પણ એમનો જીવ તો અમદાવાદમાં જ અટવાયેલો રહેતો હશે. સાવ જ તળિયે બેસી ગયેલા અર્થતંત્રને ફરી પાટા પર ચડાવવા માટે ગણતરીપૂર્વકનાં જોખમ ખેડીને નાનાં ઔદ્યોગિક એકમો તથા ખેતી, પોલ્ટ્રી, માછીમારી જેવા વ્યવસાયો ચાલુ કરાઈ રહ્યા છે. ગામડામાંથી લોકડાઉન સ્વયંભૂ ઊઠી જવાનું, સિવાય કે બીકના માર્યા 'સોશિયલ ડિસ્ટંસિંગ' વાળો નિયમ અનુસરવાનું લોકો જાતે જ પસંદ કરે. શાકભાજી, કરિયાણા ને ફળોની દુકાનો ખૂલશે. માંસ-મચ્છીનો વેપાર ચાલુ થશે. ફરી એક વાર માલની હેરાફેરી કરતી ટ્રકો અને ટેમ્પા રોડ પર દોડતા થઈ જશે. અલબત્ત, હોટસ્પોટ કે કલસ્ટર થયેલ રેડ ઝોનમાં બધું બંધ રહેશે. ઈ-કોમર્સ મારફત ચીજવસ્તુઓના વેપારની છૂટ આપતાં જ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તાએ એથી રિટેલ વેપારીઓને અન્યાય થશે એવું નિવેદન કર્યું અને જાહેર કરાયેલ છૂટ પાછી ખેંચી લેવાઈ. મૂળે વાત એટલે આવીને અટકી છે કે સરકારની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ ગઈ છે. 'જાન હૈ તો જહાન હૈ'ના રૂપકડા સૂત્ર સાથે લોકડાઉનનો આદેશ આપનારા વડાપ્રધાન કેનેડાની સરકારની જેમ વગર કામ કર્યે દરેક નાગરિકનાં ખાતામાં માતબર રકમ જમા કરાવવાની ક્ષમતા ધરાવતા નથી. હવે કોરોના કાબૂમાં આવ્યો જ સમજો - એવાં આશ્વાસનો આપનારા વૈજ્ઞાનિકોને પણ ના નાનકડું જીવડું કેવા રમાડી રહ્યું છે ! કોઈ પણ લક્ષણ વગરના અસંખ્ય કેસ પોઝિટિવ આવવા લાગ્યા છે અને અમદાવાદ એમાં મોખરે છે આથી દેશમાં હવે કોમ્યુનિટી ટ્રાંસમિશન શરૂ થઈ ગયું એવું અર્થઘટન કરી શકાય. આવી હાલતમાં ગમે તેટલી કાળજી રાખવાં છતાં બિલ્ડિંગ કન્સ્ટ્રકશન કે મનરેગા યોજનામાં કામ કરતા શ્રમિકો સલામત રહેશે જ, એવું માની લેવું વધારે પડતું ગણાશે. પરંતુ 'જાન બી ઔર જહાન બી' - વાળી સમાધાનકારી વ્યૂહનીતિ સ્વાસ્થ્ય અને અર્થતંત્ર બેઉને સાચવી શકે તેવી જવાબદારી તંત્ર ઉપરાંત ખુદ રોજગાર આપનાર અને મેળવનારની પણ રહે જ. લોકડાઉન અનંતકાળ સુધી તો ન જ લંબાવી શકાય. પરંતુ અર્થતંત્રને પ્રાધાન્ય આપી વેળાસર લોકડાઉન નહીં કરનાર સુધરેલા અને સમૃદ્ધ દેશોની જે દુર્દશા થઈ છે તે જોતાં આપણે હજી પણ બહેતર સ્થિતિમાં છીએ. હવે જો ઉનાળાની ગરમી કોરોના સામે મેદાને પડે અને આપણા ગરીબ દેશવાસીઓની વહારે ચડે તો જરૂર એવો અર્થ કાઢી શકાય કે ભારત દેવભૂમિ છે, એટલે આટલી ભીડ વચ્ચે પણ એની પાસેથી કોરોના જોગણીએ બીજા દેશોની સરખામણીએ ઓછો ભોગ લીધો !

# તસ્વીરો સંબંધોને ઉજાગર કરે છે એવી અનુભૂતિ તમને પણ થતી જ હશે...



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'અરે આ તો મારી કૉલેજમાંથી મેં વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને યુનિ.માં ફર્સ્ટ આવ્યો હતો એનો ફોટો....'

'અને આ જુઓ, અમે મહુવામાં છાયા સાથે સંગીત કલાસમાં જતાને તે સમયનો ફોટો....'

'અને આ... આ... આટલા બધા ફોટો ધ્વનિના જ છે, એનું બાળપણ ઉત્સવ જેવું ને મારું નહિ કેમ ? નાની દીકરીએ કાયમની જેમ મીઠો ઝઘડો કર્યો...'

માંડ એને સમજાવી કે તારા પણ આટલા બધા ફોટા છે જ... સમય બદલાયો એટલે એ ડિજિટલ ફોર્મેટમાં સચવાયા છે. મૂળ તો લોકડાઉનનો આ સમયગાળો પસાર કરવા ઘરમાં જે સર્જનાત્મક પ્રવૃત્તિઓ થાય એમાંથી એક પ્રવૃત્તિ આ આખીય સ્મરણ યાત્રાના કેન્દ્રમાં હતી. એ પ્રવૃત્તિ એટલે છેલ્લા ચારેક દાયકાની જુની તસવીરો જોવાની - એને સ્કેન કરવાની અને ફરી નવેસરથી ગોઠવવાની.... આજાહા શું આનંદ આવ્યો છે એમાં....!! રોજ ઓછામાં ઓછા બે-ત્રણ કલાક ગયા ત્યારે ૧૫ દિવસે કામ પુરું થયું.

કવિ મિત્ર અંકિત ત્રિવેદીએ લખેલા શબ્દો જાણે સાર્થક થઈ રહ્યા હતા એક પછી એક તસવીરો અને આલ્બનો જોતા જોતા...

આંખ સામે આલ્બમ
જયાં જૂનું આવી જાય છે,
બ્લેક એન્ડ વ્હાઈટ સમય પણ,
રંગભીનો થાય છે...

કેમેરાનો ઉપયોગ કરવો એ એક કલા છે, મેં પણ એ ઉપયોગ કર્યો છે અને હર્ષેન્દુ ઓઝા જેવા પારિવારિક મિત્રએ અનાયાસ શીખવ્યું છે કે કેમેરાની ક્લિકને કેમ સમજવી. આ કેમેરા દ્વારા જે કલીક થાય એમાં સુંદરતા પણ હોય અને સાંપ્રત સ્થિતિનું દર્શન પણ હોય... એને જોઈને જયારે સંવેદના જાગે, કલમ થકી લખવાનું શરૂ થાય છે જે આપણે વાંચીએ છીએ.

ઘર-પરિવારના અવસરો - પ્રસંગે - સામાજિક મેળાવડાઓ - કાર્યક્રમો - પ્રવાસો - મોડેલિંગ સ્ટાઈલના પોટ્રેઈટ... મિલન સચવાય છે એક કેમેરાની ક્લિકમાં અને એ તસવીરો જોઈએ ત્યારે એમાં દેખાતા પાત્રો - એ ઘટનાઓ - એ સમયની સ્થિતિઓ - કેટકેટલું છવાઈ જાય છે. મેઘધનુષી રંગો બનીને મનોજગત પર.

આપણે ક્યારેય સમયને કેદ કરી શકતા નથી, પરંતુ સ્મરણોના સંદર્ભમાં કહી શકાય કે એક એક ક્લિકમાં - એક એક તસવીરમાં જે તે સમય જાણે સચવાઈ જાય છે અને એ તસવીર સાથે જોડાનારા કોઈ પણ એ તસવીરો જુએ ત્યારે એમના માટે એ તસવીર નિર્જિવ નથી રહેતી પરંતુ સજીવ થઈ જાય છે. એ તસવીરોના પાત્રો આજે ફીઝીકલી સાથે ના હોય પણ પળભરમાં જાણે એમની સાથે હૃદયના તાર જોડાઈ જાય છે અને દિલમાં સ્મરણોનું મધુર ગૂંજન શરૂ થાય છે.

અમારા એક પારિવારિક સ્વજન દીકરાની બાળપણની - ભોળી ભોળી આંખો સાથેની તસ્વીર તસવીર વર્ષો પછી જોઈ - હવે જુઓ ઘટનાક્રમ કેવો રચાય છે!! એ પરિવાર સાથે છેલ્લા દાયકામાં કોઈ કારણ વિના સંપર્ક ખાસ ન હતો... એમના મમ્મીને આ તસ્વીર મોકલી તો કહે કે, 'તમારો લાડકો ટીનુ તો અત્યારે લંડનમાં રહે છે ને મજા કરે છે...' હવે એ વાત પહોંચી યુકેમાં મીનાબેન પાસે... એમણે આ ટીનુને બાળપણમાં બહુ રમાડેલો... ફોનથી સંપર્ક કર્યો તો એક કલાક વાતો કરી... અને મજા જુઓ કે મીનાબેનની દીકરીને હવે જે ટાઉનમાં નોકરી મળવાની છે તે જ ટાઉનમાં ટીનુ રહે છે. કહે કે હવે મારી બહેનની ચિંતા મારે કરવાની છે, મીનાબુઆ તમારે નહિ.' એના માટે રહેવા - જમવાની વ્યવસ્થા ગોઠવવામાં હું બધી જ મદદ કરીશ...' આમ એક ફોટાએ ફરી લાગણીના તાર ઝણઝણાવ્યા ને કોઈ સ્વજનનું કામ સાવ સરળ થઈ ગયું... ચિંતા દૂર થઈ ગઈ.

તસ્વીરો સંબંધોને ઉજાગર કરે છે એવી અનુભૂતિ તમને પણ થતી જ હશે... તમે પણ આમ તસ્વીરો જોતા રહો અને સ્મરણોના દીવડા પ્રગટાવી પ્રેમના અજવાળાને ઝીલતા રહો.

# ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે

**ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,**
**ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.**
**દુનિયાની જૂઠી વાણી વિશે જો દુઃખ્ખ વાસે છે,**
**જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે.**
**રહેજે શાંતિ-સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,**
**દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહીં કહેજે.**
**કટુ વાણી સુણે જો કોઇની, વાણી મીઠી કહેજે,**
**પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.**
**રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે ,**
**જગત બાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે.**
**પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાળા તું,**
**પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે..**

**- બાલાશંકર કંથારિયા 'ક્લાન્ત'**

૩૬૦ ડીગ્રીએ જ્યારે જીવન બદલાઈ ચૂક્યું છે, ત્યારે પરિસ્થિતિની સામે પડવા કરતાં પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવું એ જ શાણપણ છે.હવે ભાગવું નથી. હવે ડરવું નથી. ભાગીને, ડરીને કેટકેટલાં બચી શકીશું?

ચાલો જીવનને એક નવી રીતે ગોઠવીએ એક નવા જ ત્રિભેટે આવીને આ દુનિયા ઊભી છે. આપણે ઊભા છીએ. કસોટીકાળ છે,પણ પાર ઉતરવું આપણા હાથમાં છે.જડમૂળથી બદલાવું પડશે.

આપણી વૈચારિકશક્તિને, આપણા અભિગમને બદલવો પડશે,અને આ એક જ માર્ગ છે જે આપણને જીવાડશે અને જીતાડશે.

બીજા દેશો અને સમાજો કરતાં આપણી કસોટી જરા વધુ કપરી રહેવાની છે, કારણ કે સામાજિક અંતર નામક શબ્દ જ આપણને કોઠે પડતો નથી.

ઉત્સવોનો આ દેશ છે. પરિવારો સાથે વારંવાર મળવાનું, અને સામાજીક રીતે જેટલાં મેળાવડાઓ આપણે ત્યાં થાય છે,તેટલાં કદાચ દુનિયામાં ક્યાંય નહિ થતા હોય. અને માટે જ આજે જ્યારે સામાજીક અંતરની વાત કરવામાં આવે,ત્યારે સાલું મનમાં કઠે તો છે જ. પણ સામાજિક અંતરથી મનનું અંતર વધવા નથી દેવાનું.

શું એવું ન બને કે આપણે જે જીવનનું અને આ કુદરતનું મૂલ્ય વિસરી ચૂક્યાં હતાં,તે વળી પાછું યાદ કરીએ?

ઈશ્વરે આપણને જે જીવનરૂપી ભેટ આપી છે તેને ખરેખર ભેટ ગણીને બરાબર ચોકસાઈથી વાપરીએ,અને ઈશ્વરનો પાડ માનતા રહીએ.

હેલન કેલરે કહ્યું હતું કે 'હું જાતે આંધળી જે લોકો દેખતાં છે, તેમને એક સૂચન કરી શકું તેમ છું: આવતીકાલે જ જાણે કે તમારી પર અંધાપો ઊતરી પડવાનો છે તેમ સમજીને તમારી આંખો વાપરજો ! અને બીજી ઈન્દ્રિયોને પણ એ જ રીત લાગુ પાડી શકાય. માનવ-શબ્દોનું સંગીત,પંખીનું ગાન, સૂરાવલિના પ્રચંડ સ્વરો- જાણે કે આવતીકાલે જ તમે બહેરા બની જવાના હો તે રીતે સાંભળજો. જે જે ચીજને સ્પર્શ કરવો હોય તેને એ રીતે હાથ લગાડજો કે જાણે કાલે તમારી સ્પર્શ ઈન્દ્રિય બંધ પડી જવાની છે. પુષ્પોને એવી રીતે સૂંઘજો અને રોટલાનું પ્રત્યેક બટકું એવી લિજ્જતથી મમળાજો કે જાણે કાલથી તમે કદી સુવાસ કે સ્વાદ અનુભવી શકવાનાં નથી.આ સૃષ્ટિએ તમારી સન્મુખ પાથરેલા સુખ અને સૌંદર્યના એકે-એક પાસાને માણજો.પ્રત્યેક ઈન્દ્રિયનો પૂરેપૂરો ઉપયોગ કરી લેજો.'

આ મહામૂલા જીવનનું મહત્વ જો આપણે હજી પણ ન સમજીએ તો આપણા જેટલા મૂર્ખ બીજા કોઈ ન હોઈ શકે.

આ દેશનો મહત્તમ વર્ગ કેટકેટલી અગવડ સાથે જીવતો હતો,જીવી રહ્યો છે અને આગળ પણ કદાચ જીવતો રહેશે. આજે તમે અને હું જરાક જેટલા આપણા રોજિંદા જીવનમાં અટવાયા, રુકાવટ અનુભવી કે તરત જ વ્યાકુળ થઈ ગયા.



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

જરા તો વિચારો કે તેમની જરૂરિયાતો થોડી અને સાદી છે, અને તેટલી પણ જ્યારે સંતોષાતી નથી ત્યારે એમની પૂરેપૂરી કમબખ્તી થાય છે.છતાં તેઓ પોતાના નસીબ સિવાય બીજા કોઈને દોષ દેતા નથી, અને જ્યારે જ્યારે એ થોડી સાદી જરૂરિયાતો પણ સંતોષાય છે ત્યારે આગલા દહાડા સુધી વેઠેલા દુઃખોને પણ ભૂલી જાય છે.

આજે આટલાં દિવસના lockdown પછી આપણે શું એવું અનુભવી નથી શકતા કે જેને આપણે જીવન જરૂરી અને તેના વગર ચલાવી જ ન શકાય તેવી ચીજવસ્તુઓ માની હતી. તે ખરેખર તો આપણો ભોગવિલાસ જ હતો.શનિ-રવિ આવ્યા નથી કે સાંજનું ખાવાનું તો હોટલમાં જ થાય.પીઝા વગર ચાલે જ નહિ.એકાદ-બે વાર પિક્ચર તો જોવા જ પડે. આ બધા વગર આપણે ચલાવ્યું કે નહીં! તો એનો અર્થ એ જ થયો ને કે બધી આવશ્યક વસ્તુઓ હતી જ નહીં.

આ કપરો સમય કોઈ એકસપાઈરી ડેટ લઈને નથી આવ્યો.ત્રીજી મે પૂર્ણ થયા પછી બધી જ સમસ્યાઓનો અંત થઈ જવાનો છે તેવું ચોક્કસ નથી થવાનું. ઉપરવાળાની કોઈ જાદુઈ છડી રાતોરાત પડી જાય અને વળી પાછી દરેક વસ્તુ યથાતથ નથી થઈ જવાની. સમય લાગવાનો છે અને લાગશે જ, તે સ્વીકારવું જ રહ્યું. પહેલાં કહ્યું તેમ કોઈપણ પરિસ્થિતિમાં ભાંગી પડવાનું તો જરાય નથી પરિસ્થિતિને સામે થવાનો નહીં પરિસ્થિતિને અનુકૂળ થવાનો આ સમય છે.શું આપણે ફેસબુક પર આઈસ બકેટ ચેલેન્જ ન્યુ હેશટેગ કેમ્પેઈન બહુ ચલાવ્યું હતું,તો શું ઈશ્વરને ન કહી શકીએ કે ચેલેન્જ accepted.

**અલબત્ત ઈશ્વરના સહારે જ હોંપ.**

**અંતે રામનારાયણ પાઠકની એક કવિતા સ્મરણમાં આવે છે.**

**પ્રભુ જીવન દે,હજી જીવન દે!**
**વિપદો નિતનિત્ય નવીન નવીન નડે,**
**ડગલું ભરતાં કુહરે જ પડે,**
**કંઈ ગુપ્ત ભયો મહીંથી ઊઘડે,**
**વનકંટકથી તને રક્ત ઝરે,**
**પણ તોયે ન અશ્રુ કદાપિ ખરે**
**દગ એ પડીને ફરીથી ઊપડે**
**પગ એટલું હે પ્રભુ જીવન દે !**
**પ્રભુ બંધનમાં જકડાઈ ગયો,**
**મુજ દેહ બધો અકડાઈ ગયો,**
**અવચેતન દે! નવચેતન દે!**

- jayuoza@gmail.com
Mo.9898046488

# સ્વકેન્દ્રિત લોકોની સંવેદનાની ધાર બુઠ્ઠી થઈ ગઈ હોય છે

પ્રેમ અને લાગણીના પાયામાં સંવેદના અને સહૃદયતા છે. સંવેદના વિનાની જિંદગી શુષ્ક બની જતી હોય છે. જ્યાં સંવેદના હોય ત્યાં શબ્દોનું સ્થાન નથી. જ્યાં માત્ર અને માત્ર શબ્દો હોય ત્યાં સંવેદનાનું સ્થાન નથી. સંવેદનાનો સુમધુર સૂર સંભળાય ત્યારે જીવનમાં વસંત આવે છે. સંવેદનાની સમજ પહેલાનું જીવન તો એક સ્પર્ધા જેવું હોય છે. સતત દોડતા રહેવાનું. થાક લાગે તો પણ અટકવાનું નામ નહીં લેવાનું. પોતાના શરીર ઉપર ઘા થાય અને જે અનુભૂતિ થાય એ વેદના કહેવાય પરંતુ જ્યારે બીજાના શરીર ઉપર ઘા થયો હોય અને પોતાના હૃદયમાં ચિરાડો પડે એને સંવેદના કહેવાય. સંવેદનામાં આનંદ સમાયેલો હોય છે. એકલપટ્ટાપણું લાંબો સમય સુખ આપી નથી શકતું. સ્વકેન્દ્રિત લોકોની સંવેદનાની ધાર બુઠ્ઠી થઈ ગઈ હોય છે.

એક મધ્યમ વર્ગીય પરિવારમાં ગાડી સાફ કરતા છોકરા શંકરે ઘરના બહેનને વિનંતી કરી કે, 'બહેન, મારે ડુંગરપુર મારા ગામે જવું છે. મારે પાંચ હજાર રૂપિયા જોઈએ છે.' પરિવાર મિડલ ક્લાસ હતું. સ્વભાવિક રીતે જ ઘરમાં આઠ-દસ હજાર રૂપિયાથી વધુ રકમ ન જ હોય. આ મહિને બચતના રૂપિયામાંથી એમના બે બાળકોના કપડા લેવાનું પરિવારનું પ્લાનિંગ હતું. બહેને સાંજે તેમના પતિને આ વાત કરી. પતિએ કહ્યું કે, 'શંકરને પૈસા આપી દે. આ મહિને બાળકોના કપડા થોડા ઓછા લઈશું. આવતા મહિને બીજા અપાવીશું.'

દસેક દિવસ ગામડે જઈને પાછા આવેલા ખુશ દેખાતા શંકરને પેલા બહેને પૂછ્યું, 'શંકર, તે પાંચ રૂપિયાનું શું કર્યું.' શંકરે સ્મિત સાથે જવાબ આપ્યો કે, 'બહેન મારી નાની બહેનના સાસરે પ્રસંગ હતો. તેમાં વ્યવહારના બે હજારનો ખર્ચ થઈ ગયો. મારી બાની દવા પાછળ એક હજાર અને આવવા જવાના પાંચ સો રૂપિયા થયા. મારા પિતાજી માટે ઝભ્ભો, ધોતિયું અને બંડી લાવ્યો. મારી પત્ની અને બાળકોને મેળે ફરવા લઈ ગયો. નાના ભાઈની કોલેજની ફી ભરી. બહેન તમે આપેલા પાંચ હજાર રૂપિયામાં અમારા આખા ઘરમાં આનંદ થઈ ગયો.'

નવા કપડા પહેરી મોજ કરતા પોતાના બાળકોની બેશુમાર ખુશી એ બહેને શંકરની આંખોમાં જોઈ. બીજાના આનંદનું કારણ બનવામાં મળતી ખુશી અવર્ણનીય હોય છે. સરકારી માણસો અને સરકારી કામમાં સંવેદનાનું કોઈ સ્થાન નથી હોતું એવી એક સામાન્ય પણ ખોટી છાપ હોય છે. કાર્યકુશળ, પ્રમાણિક અને નિષ્ઠાવાન અધિકારીઓની સંવેદનાસભર કામગીરીના ઉદાહરણોનો તોટો નથી. હૃદયમાં ઉષ્માભરી દે તેવા ઘણા કિસ્સાઓ હોય છે. ફાઈલો ઉપર લેવાયેલા સંવેદનાસભર નિર્ણયોનો જો ખ્યાલ આવે તો સમજ પડે કે, ફાઈલોને પણ કેટલી સરસ વાચા હોય છે. ગુજરાત રાજ્યના એક વરિષ્ઠ અધિકારીએ એમના અનુભવો અને તેમના સરકારી કાર્યકાળમાં તેમની સામે આવેલા કિસ્સાઓ પૈકી કેટલાક કિસ્સાઓ અને અનુભવોને એમણે શબ્દે કંડાર્યા છે. આ અધિકારીનું નામ છે જે. બી. વોરા. એમણે એમના સરકારી કાર્યકાળના અનુભવોને શબ્દદેહ આપી એક મજાનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. પુસ્તકનું નામ પણ નોખું અનોખું છે. 'ફાઈલ બોલે છે'. આ પુસ્તકમાં એમણે એમના અનુભવોની હૃદયસ્પર્શી સાચુકલી વાતોને કોઈ પણ શબ્દાવરણ વગર સરળતાથી પ્રસ્તુત કરી છે.



આ પુસ્તકનો એક પ્રસંગ છે. ગામડા ગામમાં રહીને મજૂરી કામ કરતા કાળીબહેનની વાત છે. કાળીબહેનના જન્મ પછી એક જ વર્ષમાં તેમના માતા-પિતા વચ્ચે ઝઘડો થતાં એ બંને અલગ થઈ ગયા. કાળીબહેન મા સાથે નાનાના ઘરે આવી ગયા. કાળીબહેનના પિતા બીજે પરણી ગયા. એમની માને પણ નાનાએ સારુ ઘર જોઈને ફરી પરણાવી દીધા. હવે કાળીબહેન નાનાની સાથે જ રહેતા. કાળીબહેનની પાંચ વર્ષની ઉંમર થતાં એમને સ્કુલે મુકવાનો વખત આવ્યો. શાળામાં બાપના નામની જગ્યાએ નાના ભરણપોષણ કરતા હતા એટલે સરપંચે કહ્યું, ' એનો ખરો બાપ તો એનો નાનો ભીમો જ છે. એટલે એના બાપની જગ્યાએ ભીમાનું જ નામ લખો.'



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

કાળીબહેન યુવાન થતાં નાનાએ ગામના જ એક સીધાસાદા છોકરા સાથે એમના હાથ પીળા કરી દીધાં. કાળક્રમે નાના-નાની ગુજરી ગયા. હવે કાળીબહેનના મોસાળ અને પિયરમાં કોઈ જ ન મળે. એકવાર રેશનકાર્ડનો દાખલો કઢાવવા કાળીબહેન સરકારી કચેરીમાં ગયા. તલાટી અને સરપંચે દાખલો તો કાઢી આપ્યો પણ સાથે સાથે ટકોર પણ કરી કે, ' તું પેટ ભરવા કાળી મજૂરી કરે છે પરંતુ તને ખબર છે, તારા બાપની મિલકતમાં તારો પણ હક્ક છે. એના માટે તું કેમ પ્રયાસ નથી કરતી ? ' પણ મોટી તકલીફ એ હતી કે, કાળીબહેનના પિતા તરીકે શાળામાં તેમના નાના ભીમાનું નામ હતું. એમની વાત સાંભળી બધાને દયા જરૂર આવી પણ કોઈ કાળીબહેનને તેમનો હક્ક અપાવી શકયું નહીં.

મામલો પહોંચ્યો કોર્ટમાં. જજ સાહેબને કાળીબહેનની વાતમાં સચ્ચાઈનો રણકો લાગતા મુદત પડી. જજ સાહેબે ગામડે યોગ્ય ન્યાયિક તપાસ કરાવીને અહેવાલ મગાવ્યો. કાળીબહેનની વાત સાચી નીકળી. જજ તરીકે બેઠેલા જે. બી. વોરાએ કાળીબહેનની તરફેણમાં નિર્ણય આપ્યો. કાળીબહેનની આંખોમા હર્ષના આંસુ આવી ગયા. કાળીબહેન બોલ્યા કે, 'સાહેબ તમે તો ભગવાન બનીને મારી પડખે ઉભા રહ્યાં છો. મારી દારૂણ ગરીબીમાં તમે સાથ આપ્યો છે. સત્યનો વિજય તમારા થકી છે.'

સરકારમાં સંવેદનાસભર આવા અનેક કિસ્સાઓ રોજેરોજ બનતા હોય છે. કાળીબહેન જેવાને જ્યારે એની પ્રતીતિ થાય ત્યારે એને સરકારી અધિકારીઓની અસરકારીતાની સાચી વાતની સમજ પડે. 'ફાઈલ બોલે છે' પુસ્તકમાં આવા હૃદયના તાર ઝણઝાણાવી મુકે એવા ઘણા કિસ્સાઓ છે. 'ફાઈલ બોલે છે'ને ભાઈ રાજ ભાસ્કરની નિવડેલી કલમ દ્વારા સરસ ઓપ આપવામાં આવ્યો છે.

જીવનમાં સતત ઊતાર ચઢાવ આવતા જ હોય છે. કોઈવાર સુખ તો કોઈવાર દુઃખનો અનુભવ થતો રહે છે. આનંદ હોય કે ઉકળાટ તેમાં સૌથી મહત્વનો રોલ સંવેદના રૂપી કેમિકલનો હોય છે. આ કેમિકલ એવું છે કે, જે હૃદયના ઊંડાણમાંથી ચિત્તનો આનંદ ખોળીને તમારા ખોળામાં મૂકી દેતુ હોય છે. સંવેદનાનો સત્કાર કરતા જેને આવડી ગયું એનું જીવન ખુશીઓથી આબાદ રહે છે. બીજાની વેદના જોઈને આંખના ખૂણા ભીના થઈ જાય ત્યારે સમજી લેવું કે, ઈશ્વરે આપેલો માનવ દેહ અને આત્મા નામનું અમરત્વ સાર્થકતા ભણી સરકી રહ્યું છે.

**ધબકાર :**
**સંવેદના એક શાનદાર સફર છે, તેને જબરજસ્તીથી ન ખેડાય, જબરજસ્ત રીતે અનુભવાય.**